ફૂલછાબ રાજકોટ ૧૧

# ભાવનગરમાં નૃત્ય વિશારદનું રંગમંચ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: કલાક્ષેત્ર, ભાવનગરની છ વિદ્યાર્થિનીઓનું નૃત્ય વિશારદનું રંગમંચ પ્રદર્શન યશવંતરાય નાટ્યગૃહ ખાતે વિશાળ શ્રોતાવર્ગની ઉપસ્થિતિમાં યોજાયું હતું. કલા-સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિના પ્રોત્સાહક શ્રી ભાગ્યેશભાઇ વાસુદેવજી ઝાના મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.

કલાક્ષેત્રના ડૉ. નિપા ઠક્કરની તાલીમ તળે તૈયાર થયેલ કૃતુ તપનભાઇ ઠક્કર, માનુસી નરેશભાઇ સુચક, ખૂશબુ જગદીશભાઇ ગોહેલ, કોરમ પ્રકાશભાઇ ગોરવાણી, પશ્વી રાજુભાઇ ભાયાણી અને આયુશી વિપુલકુમાર રાવળનું રંગમંચ પ્રદર્શન યોજાયું હતું. જેમા ગાયક કલાકાર શિલ્પાબહેન અંધારિયા તથા વાદ્યકારોમાં ચિંતનભાઇ પંડ્યા, કર્મવીરભાઇ મહેતા તથા જીગરભાઇએ સંગત કરી હતી.

કથ્થક નૃત્ય શૈલીમાં નૃત્ય અલકારમાં વર્ષ ૨૦૧૧માં ગૌરવ પુરસ્કારથી સન્માનિત થયેલ ભાવનગરનાં ડૉ. નિપાબહેન ઠક્કર જે એક સારા ગાયક પણ છે તેમની તાલીમ પામેલ છ વિદ્યાર્થિનીઓએ પ્રસ્તુત કરેલ.

રંગમંચ પ્રદર્શનનો પ્રતિભાવ આપતા મુખ્ય અતિથિ શ્રી ભાગ્યેશ ઝાએ જણાવ્યું હતુ કે પ્રસ્તુત થયેલ બહેનોની કથ્થક નૃત્ય કળામાં તાલ, ભાવ અને લયનુ સુદર સયોજન જોવા મળ્યુ છે. ભવિષ્યમાં સારી પ્રગતિ કરી નામના પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા પાઠવુ છું. નૃત્ય ક્ષેત્રે અનેક માન-સન્માન પ્રાપ્ત કરેલ ભાવનગર કલા ક્ષેત્રના ગુરુજી શ્રી ધરમશીભાઇ શાહ ૯૬ વર્ષની ઉંમરે ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરુ પાડેલ.

# કલાક્ષેત્ર ભાવનગર દ્વારા રવિવારે વિશારદ રંગમંચ કાર્યક્રમ યોજાશે



ભાવનગર, તા.૮

ધરમશીભાઈ શાહ સંચાલિત કલાક્ષેત્ર સંસ્થા ભાવનગર દ્વારા આગામી તા.૧૧મીને રવિવારના રોજ સવારે ૯/૩૦ કલાકે, યશવંતરાય નાટ્યગુહ ખાતે વિશારદ રંગમંચ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. ડૉ.નીપા ઠક્કરના માર્ગદર્શનમાં દુર્ગા સ્તુતી, રાસ તાલ, તુમ બીન નીંદ ઠુમરી, છોટી સવારી તાલ ૧૫ બીટ્સ, કાન ખેલો કહાન ઠુમરી, સાજન બીન બાવરી પદ, અષ્ટમંગલ તાલ ૧૮ બીટ્સ, પલના જુલે પદ, કાના સુંદર પદ, વર્ષા, તરાના માલકૌસની પ્રસ્તુતી કરવામાં આવશે. કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે.

યુટિલિટી ન્યૂઝ

# સંગીત | ગાંધીનગરમાં સૂરીલી સાંજ દ્વારા નૃત્ય ગીતોની પ્રસ્તુતિ

ભાવનગર | ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા આયોજીત અને સૂરીલી સાંજ-રાજેશ વૈષ્ણવ પ્રસ્તુત હિન્દી સિનેમાના લોકપ્રિય નૃત્યગીતોનો ગાયન, નર્તન અને દ્રશ્ય તથા શ્રાવ્યનો કાર્યક્રમ તા. 21 મે ને શનિવારે રાત્રે 9-15 કલાકે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં ગૌરવ પુરસ્કૃત ડો. નીપા ઠક્કર અને વૃંદ કેટલાક ગીતોમાં નૃત્ય પ્રસ્તુત કરશે.

…નગર

# માડી તુ પાવાની પટરાણી રે મા...



યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ ગાંધીનગરના ઉપક્રમે મેટ્રીક ગ્લોબલ ચેરિટેબલ ટ્રસ્ટ ભાવનગરના સહયોગથી ભાવનગર જિલ્લા રમત- ગમત અધિકારીના સંચાલન હેઠળ ગરબા-રાસ સ્પર્ધા ગુરૂવારે બપોરે યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાઈ ગઈ જેમાં પ્રાચીન, અર્વાચીન અને રાસમાંની રમઝટ બોલી હતી આ સ્પર્ધામાં વિજેતા હવે રાજ્ય કક્ષાએ ભાવનગરનું પ્રતિનિધિત્વ કરશે. • અજય ઠક્કર

# મુક્તાલક્ષ્મી વિદ્યાલય દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ



શહેરની મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલય દ્વારા તાજેતરમાં શહેરના યશવંતરાય નાટયગૃહ ખાતે રણકાર શિર્ષક તળે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કથ્થક નૃત્યાંગના કુ. ડો. નિપાબહેન ઠકકરના અતિથિવિશેષપદે યોજાયેલા આ કાર્યક્રમમાં ધો. 9 થી 11 ની કુલ 170 જેટલી વિદ્યાર્થીનીઓએ એક એકથી ચડીયાતી કૃતિઓ રજૂ કરી હતી.